| Publication: Divya Gujarat | Edition: Ahmedabad |
| --- | --- |
| Date: September 20, 2016 | Page: 3 |

### પ્રાઈસ બેન્ક ઈક્વિટી શેરદીઠ રૂા.૧૭૫થી ૨૦૨

# એચપીએલ ઈલેક્ટ્રીક એન્ડ પાવર લિમિટેડનો આઈપીઓ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ ખુલશે અને ૨૬ સપ્ટેમ્બર ૨૦૧૬ બંધ થશે

એચપીએલ ઈલેક્ટ્રીક એન્ડ પાવર લિમિટેડ કંપનીએ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ રોકડના બદલામાં શેરદીઠ રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. જેની પ્રાઈઝ ઈક્વિટી શેરદીઠ રૂા.૧૭૫ થી રૂા.૨૦૨ નક્કી કરવામાં આવી છે અને આ આઈપીઓ મારફતે કંપની કુલ રૂા.૩,૬૧૦ મિલિયન (ઈસ્યૂ) ઉભા કરવા ઈચ્છે છે. ઈસ્યુ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ સોમવારે બંધ થશે. બિડ્સ લઘુતમ ૭૦ ઈક્વિટી શેર માટે થઈ શકશે અને પછી ૭૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. અમદાવાદ ખાતે પત્રકાર પરિષદ પ્રસંગે સંબોધિત કરતા કંપનીના સીએમડી શ્રી લલિત શેઠે જણાવ્યું હતું કે ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ એસબીઆઈ કેપિટલ માર્કેટસ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ



સીક્યોરિટીઝ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ છે. સેબી આઈસીડીઆર નિયમન મુજબ, બીઆરએલએમ સાથે ચર્ચા કરીને કંપની એન્કર રોકાણકારોની સહભાગિતાનો વિચાર કરી શકે છે. એન્કર રોકાણકારના બિડિંગની તારીખ બિડ/ઈસ્યૂ ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ હશે. ઓફર મારફતે ઓફર થનાર ઈક્વિટી શેરનું લિસ્ટિંગ નેશનલ સ્ટોક એક્સેચન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ અને બીએસઈ લિમિટેડ પર થશે. પત્રકાર પરિષદ પ્રસંગે કંપનીના એમ.ડી. રીશી શેઠ, ગૌતમ શેઠ, નારાયણ સદાનંદ, વિનોદ રતન તથા દિપક નવલ ઉપસ્થિત રહ્યા હતા. સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈસ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ) નિયમન, ૨૦૦૯ જેમાં થયેલા સંશોધનો મુજબ (સેબી આઈસીડીઆર નિયમનો)ને નિયમન ૨૬(૧)ને અનુરૂપ બુક બિલ્ડીંગ પ્રોસેસ મારફતે ઈસ્યૂ રજુ કરવામાં આવ્યો છે. જેમાં ઈસ્યૂનો ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટયૂશનલ બાયર્સ (ક્યુઆઈબી કેટેગરી)ને ઓફર કરવામાં આવશે.